તાંત્રીક અધિકારીશ્રીઓને સત્તા સોંપણી બાબત.

ગુજરાત સરકાર

નર્મદા જળસંપત્તિ , પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

ઠરાવ ક્રમાંક :- પરચ / ૧૦૨૦૧૭/૯૭૨ /એમ.આઇ.સેલ.(ક-૧)

તા. ૨૪/૦૧/૨૦૧૮

સંદર્ભ: (૧) મા.અને મ. વિભાગના ઠરાવ ક્રમાંક: પીડીડબલ્યુ/૧૦૨૦૦૭/૧(ભાગ-૧) સ, તા: ૧૨-૦૭-૨૦૧૧ (વહીવટી મંજુરી)

(૨) મા.અને મ. વિભાગના ઠરાવ ક્રમાંક: પીડીડબલ્યુ/૧૦૨૦૦૭/૧(ભાગ-૧) સ, તા: ૧૨-૦૭-૨૦૧૧ (વહીવટી મંજુરી સિવાય અન્ય)

(૩) ન.જ.સં.પા.પૂ. અને ક.વિભાગના પત્ર નં : ટીએનસી/૨૦૦૭/૩૮૧/(૧)/પા.ફા./એમઆઇસેલ (ક-૧), તા.૧૨-૮-૨૦૧૧.

આમુખ :-

ગુજરાત રાજ્યમાં ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ હેઠળ મા. અને મ. વિભાગ તરફથી તાંત્રિક અધિકારીશ્રીઓને સોંપવામાં આવેલ સત્તાઓ તેમના ઉપર દર્શાવેલ સંદર્ભ (૧) અને (૨) વાળા ઠરાવો દ્વારા નક્કી કરવામાં આવેલ છે. આ ઠરાવોમાં મા. અને મ વિભાગ તેમજ જળસંપત્તિ વિભાગના સમાનપદ ધરાવતા અધિકારીશ્રીઓને મંજૂરીઓ આપવાની સત્તા જુદી જુદી છે. જેને અનુલક્ષીને વિવિધ કક્ષાના તાંત્રિક અધિકારીશ્રીઓની સપ્રમાણ કામગીરી રહે તે હેતુસર અને યોગ્ય પ્રમાણમાં તાંત્રિક / નાણાંકીય સત્તાઓ તેઓને મળે તે બાબત લક્ષમાં લઈ પ્રવર્તમાન સત્તાઓમાં સુધારા- વધારા કરવાની બાબત સરકારશ્રીની સઘન વિચારણામાં હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે આ સાથે બીડેલ પત્રક મુજબ વિગતવાર સત્તા સુધારો કરી જે તે તાંત્રિક અધિકારીશ્રીઓના હોદ્દા સાથે દર્શાવેલ મંજુરીઓ તથા અન્ય સત્તા સોંપણી સુધારવાનુ આથી ઠરાવવામાં આવે છે. આ ફેરફાર સિવાય સંદર્ભ (૧) અને (૨) વાળા મ.અને.મા. વિભાગના ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), નાણાં વિભાગની તા: ૨૫-૧૦-૨૦૧૭ ની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલ શ્રી ના હુકમથી અને તેમના નામે.

બિડાણ: સત્તા સોપણી અંગેનુ પત્રક

(એસ. બી. પ્રજાપતિ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.

નકલ સાદર રવાના પ્રતિ,

(૧) માનનીય રાજ્યકક્ષાનામંત્રીશ્રી (જ.સં) (સ્વતંત્ર હવાલો) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ, ગાંધીનગર

(૪) સચિવશ્રી (મા. અને મ.) ના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) તકેદારી આયુક્તશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેકટર-૧૦/બી, ગાંધીનગર

(૭) નાણાકીય સલાહકાર (જ.સં), સચિવાલય, ગાંધીનગર

(૮) મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ લી. સેકટર ૧૦, ગાંધીનગર

(૯) મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, વાલ્મી, આણંદ

(૧૦) સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક), સચિવાલય, ગાંધીનગર

(૧૧) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ

(૧૨) સર્વે પ્રોજેક્ટ શાખા (ક-૧, ક-૨, ક-૩, જ, એમઆઇસેલ, ક-૭), સચિવાલય, ગાંધીનગર

(૧૩) સીલેકટ ફાઇલ

વહીવટી મંજુરી તેમજ વહીવટી મંજુરી સિવાય અન્ય અંગે તાંત્રિક અધિકારીશ્રીઓને સત્તા સોંપણી અંગેનુ પત્રક

વંચાણે લીધા : મા. અને મ. વિભાગના તા. ૧૨/૦૭/૨૦૧૧ ના ઠરાવ તથા જળ સંપત્તિ વિભાગના તા. ૧૨/૦૮/૨૦૧૧ ના ઠરાવ

| અ.નં. | સત્તાનો પ્રકાર | સત્તાધિકારીશ્રી | સત્તા સોંપણી |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૬ |
| ૧ | વહીવટી મંજૂરી | સચિવશ્રી | ૨૦ કરોડ |
| | | મુખ્ય ઇજનેરશ્રી | ૧ કરોડ |
| | | અધિક્ષક ઇજનેરશ્રી | ૨૦ લાખ |
| | | કાર્યપાલક ઇજનેરશ્રી | --- |
| ૨ | તાંત્રિક મંજૂરી | મુખ્ય ઇજનેરશ્રી | સંપૂર્ણ સત્તા |
| | | અધિક્ષક ઇજનેરશ્રી | ૩ કરોડ |
| | | અધિક્ષક ઇજનેરશ્રી (Mech/Ele.) | ૧ કરોડ |
| | | કાર્યપાલક ઇજનેરશ્રી | ૫૦ લાખ |
| | | કાર્યપાલક ઇજનેરશ્રી (Mech/Ele.) | ૧૦ લાખ |
| | | ના.કા.ઇ.શ્રી | ૬ લાખ |
| | | ના.કા.ઇ.શ્રી (Mech/Ele.) | ૨ લાખ |
| ૩ | ડી.ટી.પી. મંજૂરી | મુખ્ય ઇજનેરશ્રી | સંપૂર્ણ સત્તા |
| | | અધિક્ષક ઇજનેરશ્રી | ૩ કરોડ |
| | | અધિક્ષક ઇજનેરશ્રી (Mech/Ele.) | ૧ કરોડ |
| | | કાર્યપાલક ઇજનેરશ્રી | ૫૦ લાખ |
| | | કાર્યપાલક ઇજનેરશ્રી (Mech/Ele.) | ૧૦ લાખ |
| | | ના.કા.ઇ.શ્રી | ૬ લાખ |
| | | ના.કા.ઇ.શ્રી (Mech/Ele.) | ૨ લાખ |
| ૪ | ટેન્ડર સ્વીકારવાની સત્તા | સચિવશ્રી | ૫ કરોડ |
| | | મુખ્ય ઇજનેરશ્રી | ૨ કરોડ |
| | | અધિક્ષક ઇજનેરશ્રી | ૧ કરોડ |
| | | અધિક્ષક ઇજનેરશ્રી (Mech/Ele.) | ૧ કરોડ |
| | | કાર્યપાલક ઇજનેરશ્રી | ૨૫ લાખ |
| | | કાર્યપાલક ઇજનેરશ્રી (Mech/Ele.) | ૨૫ લાખ |
| | | ના.કા.ઇ.શ્રી | ૩ લાખ |
| | | ના.કા.ઇ.શ્રી (Mech/Ele.) | ૩ લાખ |
| ૫ | ટેન્ડર જથ્થામાં વધારો/ઘટાડો | સચિવશ્રી | સંપૂર્ણ સત્તા |
| | | મુખ્ય ઇજનેરશ્રી (સુધારેલ A.A. મેળવવી ન પડે ત્યાં સુધી) | સંપૂર્ણ સત્તા |
| | | અધિક્ષક ઇજનેરશ્રી (Civil/Mech/Ele.) | * ૭.૫૦ % સુધી |
| | | કાર્યપાલક ઇજનેરશ્રી (Civil/Mech/Ele.) | # ૫.૦૦ % સુધી |

*અધિક્ષક ઇજનેરશ્રી : જો બધી આઇટમોનો કુલ વધારો/ઘટાડો રૂ. ૫૦,૦૦૦/- ની મર્યાદામાં હોય તો આઇટમના જથ્થાની ટકાવારીમાં કોઇ પણ જાતના નિયંત્રણ વગર

#કાર્યપાલક ઇજનેરશ્રી : જો બધી આઇટમોનો કુલ વધારો/ઘટાડો રૂ. ૨૫,૦૦૦/- ની મર્યાદામાં હોય તો આઇટમના જથ્થાની ટકાવારીમાં કોઇ પણ જાતના નિયંત્રણ વગર

ટકાવારી ટેન્ડર :

*અ.ઇ.શ્રી- સ્વીકારેલ ટેન્ડરના ૭.૫૦% ની મર્યાદામાં (સુધારેલ A.A. મેળવવી ન પડે ત્યાં સુધી)

#કા.ઇ.શ્રી- સ્વીકારેલ ટેન્ડરના ૫.૦૦% ની મર્યાદામાં (સુધારેલ A.A. મેળવવી ન પડે ત્યાં સુધી)

આઇટમ રેટ ટેન્ડર : વ્યાજબી ભાવ વાળું ટેન્ડર અને આઇટમ પણ વ્યાજબી ભાવ હોય તો

*અ.ઇ.શ્રી - ટેન્ડરના આઇટમ વાઇઝ ૭.૫૦% જથ્થા સુધી (સુધારેલ A.A. મેળવવી ન પડે ત્યાં સુધી)

#કા.ઇ.શ્રી - ટેન્ડરના આઇટમ વાઇઝ ૫.૦૦% જથ્થા સુધી (સુધારેલ A.A. મેળવવી ન પડે ત્યાં સુધી)